
# પગલાં





<u>સંકલન</u>

## શ્રી લાલજીભાઇ બી. પંચાલ.

### મ.શિક્ષક

## શ્રી હાથીપુરા પ્રા. શાળા.

## તા- પાટડી, જિ- સુરેન્દ્રનગર.



## પગલું ૧

નમ.

કનક, નમ.

નમન કર.

કનક, નમન કર.

મકન, નમન કર.

| ન | મ | ક | ર |
|---|---|---|---|

### અભ્યાસ

મન નરમ

રમ કમર

ન મ ક ર



## પગલું ૨

રમ.

રતન, રમ.

રતન, રમત રમ.

જનક, રમત રમ.



જમ.

જનક, જમ.

કદમ, જમ.


ગરમ ગરમ જમ.

જ ગ દ ત

### અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| તજ | રજ | મગ | નગર | તરત |
| તર | જગ | દર | મગર | મદદ |

જ ગ દ ત



## પગલું ૩

જા.

રજા.

જા, રજા.

કર મજા.

મમતા, મજા કર.

જમના, મજા કર.

રજા રજા, મજા મજા.

ા

### અભ્યાસ

| | | |
|---|---|---|
| કાન | કાતર | તારક |
| કાકા | નમાજ | ગાજર |
| મામા | મમરા | મકાન |
| નાક | કામ. | તાર |

કાન દાદા માતા ગાજ



## પગલું ૪

વડ

ચડ.

વડ પર ચડ.

પરાગ, વડ પર ચડ.

ચમન, વડ પર ચડ.

તારા, વડ પર ચડ.

જાદવ, વડ પર ચડ.

| ડ | પ | વ | ચ |
|---|---|---|---|

### અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| પગ | ડર | માપ | કાપ | પવન |
| વન | રડ | તાવ | કાચ | કાપડ |
| ગામ | ચાવ | દાવ | જાગ | પાપડ |

ડ પ વ ચ



## પગલું ૫

લખ.
લખ લતા, નામ લખ.
જયા લખ.
માયા લખ.
નયન લખ.
જગન લખ.
ચાર નામ લખ..
કાગળ પર ચાર નામ લખ.
ચાર નામ યાદ કર.

| લ | ય | ખ | ળ |
|---|---|---|---|

### અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| નખ | ગાય | વાળ | રાખ | વાદળ |
| નળ | ગાલ | દાળ | ચાખ | ખાતર |

લ ય ખ ળ



# પગલું ૬

ચાલ ચાલ; લાલા, ચાલ.
ગાલ તારા લાલ લાલ.
ચાખ ચાખ માલા, ચાખ;
લાલ લાલ ગાજર ચાખ.
માલા ગાજર ખાય.
માયા દાડમ ખાય.
ગાલ તારા લાલ રાખ.
લખ રમા, લખ લખ.
નામ લખ. ગામ લખ.
દાદા પર કાગળ લખ.


## અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| વન | પવન | ગામ | માગ | નામ |
| રડ | કરડ | ગાજ | જાગ | કામ |
| મગ | મગજ | તાવ | વાત | તાલ |
| તર | તરત | દવા | યાદ | ચાલ |
| દળ | વાદળ | કાપ | પાક | વાલ |

# પગલું ૭

ગાડી

ગાડી ગાડી ગાડી
મીના, તારી નવી ગાડી.
કરીમ, તારી નાની ગાડી.
નવી નવી ગાડી ચાલી.
નાની નાની ગાડી ચાલી.
પી.... પી.... કરતી ગાડી ચાલી.




૧

## અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| વાડી | નદી | ગીત | ચકલી | દરજી |
| પાડી | દાદી | રીત | ચમચી | મરજી |
| નાડી | ગાદી | જીત | લાકડી | દાદાજી |





માડી કાળી ખીર કાનજી



## પગલું ૮

ઘર

ઘર ઘર રમ.

અમી, ઘર ઘર રમ.

છગન, ઘર ઘર રમ.

અમર, ઘર બનાવ.

અકબર, ઘર બનાવ.




| | | | |
|---|---|---|---|
| અ | ઘ | છ | બ |

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| વાઘ | બદામ | ઘરાક | પાઘડી |
| છરી | અનાજ | અવાજ | વાછડી |
| બતક | અલકા | બકરી | માછલી |

ઘ છ બ અ



## પગલું ૯

**દાદા**

આ મારા દાદા છે.
દાદા મને ગમે છે.
દાદા મને રેવડી આપે છે.
દાદા મને રમાડે છે.
મારા દાદાને નમન.

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| એક | રેતી | કેરી | દેગડી |
| બે | દેવી | કેડી | ચમેલી |
| વેલ | દેરી | ડેલી | તપેલી |

રેવડી જેલ



## પગલું ૧૦

તારા
રાતે તારા તારા
આભ ભરીને તારા
રાતે તારા ચમકે છે.
રાતે તારા ઝબકે છે.
ઝગમગ ઝગમગ ઝબકે છે.
તારા તેજ આપે છે.
મને તારા ગમે છે.
જતીનને તારા ગમે છે.
સરલાને પણ તારા ગમે છે.

| ઝ | ભ | સ | ણ |
|---|---|---|---|

### અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| જીભ | ઝાડ | ભજન | લસણ | સમજ |
| ભણ | ડઝન | ભરત | વાસણ | કારણ |
| બસ | અભય | ઝડપ | કાસમ | માણસ |

ઝ ભ સ ણ





## પગલું ૧૧

વરસાદ
ઈલાને વરસાદ ગમે છે.
ઈકબાલને પણ વરસાદ ગમે છે.
ઈલા ને ઈકબાલ ગાય છે.
વરસ વરસ; મેહ, વરસ.
ધરતીને છે તરસ તરસ.
ધરતી માગે પાણી પાણી.
ઝરમર ઝરમર વરસ વરસ.
ટપટપ ટપટપ ટપક ટપક.
મેહ વરસે. ધરતી હરખે.

| ટ | હ | ધ | ઈ |
|---|---|---|---|

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| હળ | ટપાલી | હરખ | ધમધમ |
| ધજા | ધમણ | હરણ | ટનટન |
| ઈનામ | ઈયળ | બટન | સાઈકલ |

ટ હ ધ ઈ



## પગલું ૧૨

પંખી
રંગબેરંગી પંખી
આંગણે પંખી આવે છે.
ચકલી આવે છે. કાબર આવે છે.
વસંત, દાણા નાખ.
ચકલી ચીં ચીં કરતી ચણે.
કાબર કલબલ કરતી ચણે.
દાણા ચણી પંખી રાજી.
પંખી રાજી, અમે રાજી.

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| દંડ | ચાંચ | પલંગ | પંદર |
| ઘંટ | પાંખ | પતંગ | બંગડી |
| ડંખ | આંખ | છલંગ | જંગલ |

પંખ રંગ સંત વસંત

# પગલું ૧૩

બાગ

આ ગામમાં બાગ છે.

બાગમાં ઘણાં ઝાડ છે.

ઝાડ પર ઘણાં પંખી છે.

પંખી દાણા ખાય છે.

પંખી ઈયળ પણ ખાય છે.

બાગમાં સરસ તળાવ છે.

તળાવમાં સરસ કમળ છે.

તળાવમાં માછલાં તરે છે.

કાચબા અને બતક પણ તરે છે.

બતકને મમરા ભાવે છે.

બાળક બતકને મમરા આપે છે.

કાચબા પાણીમાં તરે છે.


તે ધીમે ધીમે તરે છે.

બાગમાં હરણ રમે છે.

હરણ ટપકાંવાળાં છે.

## અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| કણ | હરણ | છબી | ટટાર |
| ગણ | ઝરણ | ઝારી | એક |
| મણ | લસણ | વીંછી | અમે |
| રણ | ધમણ | બેટ | ટાંકણી |



## પગલું ૧૪

નદી
આ નદી છે.
આ અમારા ગામની નદી છે.
નદીમાં ઘણું પાણી છે.
નદી પર એક પુલ છે.
પુલ પર ઘણાં વાહન આવ-જા કરે છે.
કનુ ઝટઝટ નદીએ ચાલ. રેણુ, જલદી નદીએ ચાલ.
નદીની રેતીમાં આપણે રમીએ.
આપણે રેતીનું ઘર બનાવીએ.

ુ

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| કુલ | સુંદર | પાંદડું | બુધવાર |
| કાજુ | બકુલ | વાંદરું | જાદુગર |
| ચીકુ | ચતુર | ગુંદર | ગુરુવાર |

વાંચું છું. હસું છું.



## પગલું ૧૫

ઉમા, આજે રજા છે.
તું અમારે બગીચે ફરવા ચાલ.
ભગીરથ, તું પણ આવ.
બગીચામાં જામફળનાં ઝાડ છે.
ઉમેદ, જામફળ ઉતાર.
ભગીરથ, પાથરણું પાથર.
આપણે બેસીને જામફળ ખાઈએ.
જામફળ ખાઈને રાજી થઈએ.
રાજી થઈને ઘેર જઈએ.

ઉ ફ થ ઈ

### અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| ફળ | ઈદ | બરફ | ઉપાડ | ફરસાણ |
| થડ | હાથ | ઈડલી | ઉધાર | ફરકડી |
| ઈસુ | સાથ | ફકીર | ઉજાણી | ઉતરાણ |

ઉ ફ થ ઈ





## પગલું ૧૬

સૂરજદાદા


સૂરજદાદા આવે છે.
તે અજવાળું લાવે છે.
ગામના કૂકડા જાગી ગયા છે.
કૂકડા કૂકડેકૂક કરવા લાગી ગયા છે.
દૂર દૂર ઝાલર વાગે છે.
ગાયનાં ધણ ચરવા નીકળે છે.
સૂરજદાદાને અમારાં વંદન.

ૂ

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| લૂમ | પૂનમ | ખજૂર | મજૂર |
| ફૂલ | પૂતળું | ખેડૂત | ભૂંગળ |
| મૂછ | કૂતરું | ખૂરપી | ચૂરમું |
| રૂ | રૂઝ | રૂમાલ | જમરૂખ |

દૂર ફૂણું તૂરું છે. ખારું છે.



## પગલું ૧૭

ચાલો, ફરવા ચાલો.
જુઓ, સામે ચકડોળ છે.
ચકડોળ ગોળ ગોળ ફરે છે.
આપણે બધાં ચકડોળમાં બેસીએ.
ચાલો, બધાંનો વારો રાખો.
પહેલાં ગોપી, મોના અને ગોમતી બેસે.
ગોપાલ ને મોહન, તમે ચકડોળ ફેરવો.

ો

### અભ્યાસ

| | | | | |
|---|---|---|---|---|
| બોર | પંખો | લખોટો | કોયલ | કોદાળી |
| ગોળો | કાંટો | ચોતરો | પોપટ | કોથળો |
| લોટો | ચાંદો | ખાટલો | ઉનાળો | કોગળો |

ચાલો બોલો આપો





## પગલું ૧૮

ગઢ

શરદ, ચાલ. ગઢ પર ચડીએ.
ગઢ પર ચડવું કઠણ છે.
હું ગઢ પર ચડીશ અને ઊતરીશ.
તું પણ ચડ અને ઊતર.

આ હોડી છે.
હોડીને સઢ છે.
હોડીથી નદી પાર કરી શકાય છે.
હોડી સરસર  કરતી જાય છે.

| શ | ઠ | ઢ | ઊ |
|---|---|---|---|

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| દેશ | શરીર | ઊધઈ | શરબ |
| પાઠ | ગરોળી | ઊજળું | ઊઠબે |
| સૂંઢ | ઢગલો | ઊભરો | શરણા |

શશડઠટઢઉઊ વાહનો ઢગલો











## પગલું ૧૯

ખેડૂત ખેતી કરે.
મજૂર થોરની વાડ કરે.
દરજી કપડાં સીવે.
દરજી થીગડું પણ મારે.
લુહાર દાતરડું ઘડે.
લુહાર ફરસી પણ બનાવે.
કડિયો મકાન ચણે.
તે ઈંટોથી ભીંત પણ ચણે.
ધોબી કપડાં ધુએ.
તે રેતી પર કપડાં સૂકવે.
માળી ઝાડ ઉછેરે.
ઝાડ અમને ફળ આપે.
મોચી જોડા સીવે.
મોચી બૂટને પાલીસ કરે.
કુંભાર માટીનાં વાસણ ઉતારે.
તે નાનકડી કુલડી ઉતારે.

### અભ્યાસ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઊંઘ | ફોજ | ફોઈ | શાક | શાળા | પૂજા |
| રસોઈ | ઊનું | થોકડી | ઊન | શેઠ | ઠોઠ |
| પૂરી | શોખ | શોભા | ઢીલ | ઊધઈ | લખોટી |
| દડો | થૂલી | ઉંદર | મકાઈ | કપડું | ઉપાય |



## પગલું ૨૦

### વિમાન

અમે રોજ અગાશીમાંથી વિમાન જોઈએ.
હું અને બહેન વિમાનની રાહ જોઈએ.
દૂર વિમાન દેખાય એટલે ખુશ થઈએ.
દિવસે આખું વિમાન દેખાય.
રાતે એના દીવા જ ઝબૂકતા દેખાય.
વિમાનમાં બેસી ઊંચે ઊડવાનું કોને ન ગમે?
હું મોટો થઈ વિમાન ચલાવીશ.



**ળ**

અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| બિલાડી | રેડિયો | શનિવાર | પિચકારી |
| ઘોડિયું | શિયાળો | દિવાળી | ગલૂડિયું |
| શિખંડ | ઠળિયો | ચીપિયો | ઘડિયાળ |



વિવેક કોળિયો દાળિયા



## પગલું ૨૧


ચૈતર વૈશાખ
ચૈતર વૈશાખ બે મહિના
ચૈતરમાં ખીલે ફૂલ.
વૈશાખે આવે આંબા.
કોયલ ટહુકે મીઠે રાગે.
નાચે થૈ થૈ મોર.
ગામ ગામનાં ખેડુ-છૈયાં;
ખેતર ખેડે જુઓ કેવાં!

ૈ

### અભ્યાસ

| | | |
|---|---|---|
| વૈદ | જૈન | પપૈયું |
| પૈડું | રવૈયો | સૈનિક |
| પૈસો | કૈલાસ | તૈયારી |

પૈસા તૈયારી પપૈયું



પગલું ૨૨

ગૌશાળા

અમારા ગામમાં ગૌશાળા છે.
ગૌશાળા ખૂબ મોટી છે.
ગૌતમ અને નૌતમ ગૌશાળામાં ગયા.
ગાયો ચરીને ગૌશાળામાં પાછી આવી.
ગોવાળ ગાયોને દોહે છે.
ગાયનું દૂધ મીઠું હોય છે.
દૂધ સૌને ભાવે છે.

ૌ

અભ્યાસ

| | | |
|---|---|---|
| ચૌદ | ચૌદશ | મૌખિક |
| નૌકા | કૌરવ | સૌરભ |
| પૌંઆ | કૌશિક | મૌલવી |

કૌશલ ગૌરી



## પગલું ૨૩

સવાર થયું.
હું વહેલો વહેલો જાગ્યો.
જાગીને દાંત ઘસ્યા.
દાતણ કરી દોડ્યો.
નાહીને મેં વાળ ઓળ્યા.
બાએ મને નાસ્તો આપ્યો.
પછી હું નિશાળે જવા નીકળ્યો.
રસ્તામાં મારો ભાઈબંધ મળ્યો.
આજે શાળામાં ધ્વજવંદન થયું.

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| ધ્વજ | સ્વાદ | શબ્દ | સસ્તી |
| સ્નાન | અભ્યાસ | સ્લેટ | અબ્દુલ |
| સંખ્યા | ક્યારા | પ્યાલો | મસ્જિદ |

સ્વદેશ સ્વરાજ વાક્ય



## પગલું ૨૪

અમે એક બિલ્લી પાળી છે.
તેને બે બચ્ચાં છે.
બન્ને બચ્ચાં બહુ રૂપાળાં છે.
બચ્ચાં બિલ્લી પાછળ દોડે છે.
બચ્ચાં બિલ્લી સાથે ગેલ કરે છે.
બિલ્લી તેમને ચાટે છે.
હું બચ્ચાંને રમાડું છું.
હું તે બન્નેને દૂધ પાઉં છું.
મને બિલ્લીનાં બચ્ચાં ગમે છે.

### અભ્યાસ

| | | | |
|---|---|---|---|
| ફોલ્લો | ચપ્પુ | ગલ્લો | ગમ્મત |
| અક્કલ | વચ્ચે | કન્ના | અધ્ધર |
| ગિલ્લી | ચોખ્ખું | પથ્થર | પત્તું |

ગલ્લો ચોખ્ખું

# પગલું ૨૫

આજે દિવાળી છે.
હું અને ગૌતમ વહેલાં ઊઠ્યાં.
ગૌતમે આંગણું વાળ્યું.
મેં ઘર વાળ્યું.
અમે બન્નેએ આંગણામાં રંગોળી પૂરી.
અમે વહેલાં નાહી, કપડાં પહેરી તૈયાર થયાં.
સૌએ સાથે નાસ્તો કરી લીધો.
નાસ્તો કરવાની મજા આવી.
સાંજે આંગણામાં, ગોખલામાં દીવા મૂક્યા.
મામા ફટાકડા લાવ્યા:
તારામંડળ, ચકરડી, કોઠી અને ટેટા.
ફટાકડા ફોડવાની મજા આવી.
તૈયાર થઈ ફરવાની મજા આવી.

**અભ્યાસ**

| | | | | |
|---|---|---|---|---|
| ચૈતર | નૌકા | એન્જિન | ચિઠ્ઠી | રેંટિયો |
| વૈશાખ | ચૌદ | પ્યાલો | નક્કી | કવિતા |
| તૈયારી | સૌ | રસ્તો | મુન્નો | ખિસકોલી |
| પૈડું | કૌરવ | ડબ્બો | અત્તર | શિંગોડાં |